# સર્વ બાબતોનું નવીનીકરણ

ડબલ્યુ જી એસ મિનિસ્ટ્રી
પી ઓ બોક્સ ૯૦૦૪૭
સેન એંટોનિયા, ટી એક્સ ૭૮૨૦૯
www.WGSministries.org

પ્રસ્તુત કરેલું પવિત્ર શાસ્ત્ર અમેરિકન સ્ટેન્ડર્ડ બાઈબલ પર આધારિત છે.
ન્યુ અમેરિકન સ્ટેન્ડર્સ બાઈબલ (એન એ એસ બી) કોપીરાઈટ@
1960]1962]1963]1968]1971]1972]1973]1975]1977]1995
લોકમનૈ ફાઉન્ડેશન દ્વારા કોપીરાઈટ@2015 જોનાથન વિલિયમ
સર્વાધિકાર સુરક્ષિત

ISBN-10:1519673736
ISBN-13: 978-1519673732

# શા માટે ?

દુનિયામાં શા માટે આટલાં દુ:ખ અને ઉદાસી છે?

જ્યાં દરેક અત્યાચારથી જોખમનો અનુભવ કરે છે. એકબીજા સાથે દુર્વ્યવહાર,માનવવેપાર,યુધ્ધ અને ગુલામી, નિયમરહિત પ્રદેશમાં માનવસર્જિત દુકાળ, જે પોતાની શક્તિની ચિંતા કરે છે. આ સઘળી મુશ્કેલીઓ આખી દુનિયામાં છે.



ખરાબ તંદુરસ્તી, વ્યસન,ભંગિત કુટુંબ,અનિયમિત હિંસા,ભૂકંપ,સુનામી અને કુદરતી હોનારતો. દુ:ખ,આંસુ અને અંતિમ નાશ... મરણ. પ્રત્યેક વ્યક્તિ આ બાબતથી અસર પામેલ છે. આ હ્રદયભંગિત બાબતોની પીડા થી કોઇપણ છટકી શકતું નથી.

**આ બાબતો વિષે વિચારો**

- આ દુનિયામાં આટલાં દુ:ખ અને ઉદાસી શા માટે છે એ વિષે તમે શું માનો છો?
- તમારા સમાજ અને કુટુંબમાં કઇ સમસ્યાઓ છે?
- શું તમારા જીવનમાં તમે કોઇ દુખ, ઉદાસી કે પ્રશ્નોનો સામનો કરી રહ્યા છો?

# આરંભથી એવું ન હતું



માનવજાતને આપવામાં આવેલ પવિત્ર વચન બાઇબલ જણાવે છે કે આરંભથી આવું ન હતું. આરંભમાં સર્જનહારે આકાશ અને પૃથ્વી બનાવ્યાં. તેમણે જે બનાવ્યું તે સર્વ સારું અને સુંદર હતું. તેમના સર્જનમાં સૌથી ઉચ્ચ સ્થાને પ્રથમ પુરુષ અને પ્રથમ સ્ત્રી હતાં

**ઉત્પતિ 1 & 2 માં સર્જનની વાર્તા વાંચો અને આ બાબતો વિષે વિચાર કરો**

- આ વાર્તામાં તમે ઈશ્વર વિષે શું શીખો છો?
- ઈશ્વરે માનવજાતને શા માટે સર્જી?

ઈશ્વરે તમને શા માટે સર્જ્યાં એ વિષે તમે શું માનો છો?

# મહાપતન

ઈશ્વરનું વચન, બાઇબલ જણાવે છે કે પ્રથમ પુરુષ અને પ્રથમ સ્ત્રી ઈશ્વરનાં બાળકો તરીકે સંતોષી ન હતાં. હવે તેઓને ઈશ્વરને ઈશ્વર તરીકે સ્વીકારવા અને તેમનું ભજન તથા સેવા કરવામાં સંતોષ થતો ન હતો. તેમને સઘળો અધિકાર પોતાને જોઈતો હતો. તેઓ ઈશ્વર વિના દુનિયા પર



રાજ કરવા ઇચ્છતા હતાં. તેઓએ વિચાર્યા વિના પાપ કરી નાખ્યું અને દુનિયાનાં સર્જનહારથી પોતાને સ્વતંત્ર જાહેર કરી દીધાં.

**આ મહા પતન વિષે ઉત્પત્તિના 3 અધ્યાયમાં વાંચો અને આ બાબતો વિષે વિચાર કરો**

- આ વાર્તામાં સર્પ કોણ હતો?
- સ્ત્રી અને પુરુષે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન શા માટે કર્યું એ વિષે તમે શું માનો છો?
- જ્યારે સ્ત્રી અને પુરુષે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ત્યારે શું બન્યું?

# મૃત્યુની ચાર દિશાઓ

બાઇબલ આપણને જણાવે છે કે મનુષ્યનાં પાપને કારણે દુનિયામાં ઉદાસી,દુ:ખ અને મૃત્યુ આવ્યાં. મૃત્યુ ચાર રીતે આવ્યું.

**મૃત્યુ ઉપરની તરફ હતું.**

મનુષ્યએ ઈશ્વરની સામે બળવો કર્યો અને હવે તેઓ તેને ઓળખતા પણ ન હતા અને તેમના પર વિશ્વાસ પણ કરતા ન હતા. તેઓએ પોતાની કલ્પના અનુસાર નવા દેવો બનાવવાના શરૂ કર્યા- લાકડાના,પત્થરના દેવો, જે દેવો બોલી કે સાંભળી કે જોઇ શકતા ન હતા. જે દેવો અસ્થિર અને ક્રૂર હતા.

**મૃત્યુ બાહ્ય તરફ હતું**

લોકો એકબીજાને અપશબ્દો બોલવા લાગ્યા,ત્યજવા લાગ્યા, ગુલામ બનાવવા લાગ્યા,હત્યા કરવા લાગ્યા. દેશ દેશની વિરુદ્ધ યુધ્ધ કરવા લાગ્યા. પૃથ્વી પરથી ન્યાય લુપ્ત થઇ ગયો.દુનિયામાં લોકો તેમનાં દર્દને કારણે રુદન કરવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે “શું હવે કોઇ આશા રહી છે?”

## મૃત્યુ નીચે તરફ હતું

હવે પૃથ્વી આનંદની વાડી ન હતી. પૃથ્વી શાપિત થઇ ચૂકી હતી. કાંટા અને ઝાંખરાં ઊગી નીકળ્યા હતાં. દુનિયા સુકવણું, દુકાળ, પૂર, મરકી, ભૂકંપથી અસ્થિર બની ગઇ. દુનિયા એક પ્રસવપીડાથી પીડાતી સ્ત્રીની માફક દુ:ખી હતી.



## મૃત્યુ આંતરિક તરફ હતું

શરમ, અપરાધભાવ, એકલતા, ચિંતા, નિરાશા અને લોકોનાં હ્દયોમાં એવો ભય પેસી ગયો કે હવે દુનિયાને કોઇ બદલી શકશે નહીં.

**આ બાબતો વિષે વિચાર કરો**

**તમારા દેશ, કુટુંબ અને જીવનમાં ઈશ્વર સાથેના સંબંધમાં કેવા અવરોધ આવે છે?**

- **અન્ય સાથેના તમારા સંબંધમાં કેવી મુશ્કેલીઓ ઊભી થઇ છે?**

**તમે જે દેશમાં વસો છો તેમાં કઇ કઈ સમસ્યાઓ છે જે જીવનને વધુ કઠીન બનાવે છે?**

- **તમારા જીવનમાં આમાંથી કઇ બાબત છે જે તમે અનુભવી રહ્યા છો?**
  - શરમ
  - અપરાધભાવ
  - એકલતા
  - ભય
  - નિરાશા
  - ચિંતા


# દુનિયાને બચાવવા અને નવી બનાવવા ઈશ્વરની યોજના

દુનિયા ભલે ઈશ્વરથી દૂર થઈ ગઈ હતી છતાંપણ ઈશ્વર દુનિયાને પ્રેમ કરતા હતા.તેમણે જેઓને બનાવ્યા તેઓને તે પ્રેમ કરતા હતા, અને એવા માણસની શોધ કરી કે જેના દ્વારા તે આ



પૃથ્વીને અને સમગ્ર માનવજાતને પ્રેમ અને સુંદરતાના મુખ્ય હેતુ તરફ પુનઃસ્થાપિત કરે અને એક દિવસ ઈશ્વરને એક માણસ મળી ગયો જેનું નામ ઇબ્રાહિમ હતું.

ઈબ્રાહીમ સત્યનો શોધક હતો અને તેનું હૃદય દુઃખી હતું. એક દિવસ ઈશ્વરે



ઈબ્રાહીમને કહ્યું, ઈબ્રાહીમ, ઈબ્રાહીમ, મેં તારી ઈશ્વર માટેની શોધ જોઈ છે. મેં તારા

હૃદયને જાણું છું અને હું તારી પાસે આવ્યો છું. હું આખી સૃષ્ટિનો સાચો ઈશ્વર છું. હું તારાથી એક મોટી દેશજાતિ ઉત્પન્ન કરીશ. હું તને આશીર્વાદ દઈશ અને તારું નામ મોટું કરીશ. તું આશીર્વાદરૂપ બનીશ. અને તારામાં પૃથ્વીના સર્વ કુટુંબો આશીર્વાદિત થશે.

આ કાર્ય ક્રાંતિકારી હતું. આ કાર્ય શક્તિશાળી હતું. આ કાર્ય વિશિષ્ટ હતું.

આ પહેલાં જગતમાં આવા શબ્દો ક્યારેય બોલવામાં આવ્યા ન હતા.

કેમ કે જગતમાં જુઠ્ઠા દેવો અસલી ન હતા.

પણ સાચા દેવ, પ્રેમના ઈશ્વર માનવજાતને પોતાની પાસે લાવવા ઈચ્છતા હતા અને તેમને વચન અને આશાના વચનો કહેવા માંગતા હતા.

## ઉત્પત્તિ 12:1-3 માં ઈશ્વરે ઇબ્રાહિમને કહેલાં વચનો વાંચો અને આ બાબતો વિષે વિચારો

- ઈશ્વરે ઇબ્રાહિમને શું કહ્યું?

  ઉત્પત્તિ 12:3 માં ઈશ્વરે ઇબ્રાહિમને કહેલાં વચનોમાં સૌથી વધુ અગત્યનો ભાગ કયો છે?

- તમારા વિચાર પ્રમાણે ઈશ્વરે શા માટે આ વચનો આપ્યાં?

# જગતના તારણરહાર વિષેનું વચન

સદીઓ સુધી ઇબ્રાહિમનું કુટુંબ વૃધ્ધિ પામતું ગયું અને એક મોટી દેશજાતિ બની ગઈ. એક દિવસ જીવંત ઈશ્વરે આ પ્રજાના



નેતાઓ સાથે વાત કરતાં કહ્યું કે ,"ઇબ્રાહિમને મેં જે વચન આપ્યું હતું તે હું પરિપૂર્ણ કરીશ અને હું તેને દુનિયામાં લાવીશ જે સર્વ દૂઃખો અને નિરાશાનો અંત લાવશે."

ઇબ્રાહીમના કુટુંબના પ્રબોધકો દ્વારા ઈશ્વરે જણાવ્યુ કે ઉધ્ધાર કેવી રીતે થશે. તે તો એક અજોડ બાળક દ્વારા થશે.

"કેમકે આપણે સારુ છોકરો અવતર્યો છે,આપણને પુત્ર આપવામાં આવ્યો છે, તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે, અને તેને અદ્દભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા અને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે.તેની સત્તાની વૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ. તે ઇન્સાફથી તથા ન્યાયીપણાથી પૃથ્વીના છેડા સુધી સર્વકાળ રાજ કરશે.સૈન્યોનાં દેવ યહોવાની ઉત્કંઠાથી આ થશે ".

# વચન આપેલાનો જન્મ

અને એક દિવસ તે બાળકનો જન્મ થયો. બીજા બાળકોની જેમ તેનો જન્મ થયો નહિ. તે તો ચમત્કારિક બાળક હતું. તે બાળકે તો કુંવારીના પેટે જન્મ લીધો. ઈશ્વરનું અજોડ  બાળક હોવાની આ જ નિશાની હતી કે તે આ જગતને દૃ:ખ અને પીડામાંથી છોડાવશે અને જેઓ તેનું સાંભળીને પોતાના પાપથી ફરશે તેઓનો ઉધ્ધાર થશે.



તે બાળકના જન્મ સમયે દૂતો પ્રગટ થયા. દૂરદૂરથી લોકો તેનું ભજન કરવા આવ્યા.આ બાળકના માટે ભવિષ્યવાણીઓ કરવામાં આવી કે  તે કેવાં  મહાન કાર્યો કરશે. આ બાળક તો જગતના તારનાર હતા અને તેમનું નામ ઇસુ હતું.

**લુક 2:1-20 માં ઈસુના જન્મ વિષે વાંચો અને આ  બાબતો વિષે વિચાર કરો**

- શું તમે માનો છો કે ઇસુનો જન્મ એક કુમારિકા દ્વારા  થયો હતો?
- એ બાળક વિષે સ્વર્ગદૂતોએ શું કહ્યું હતું? આ બાળક કોણ હતું અને તે આ જગતમાં કેમ આવ્યું હતું ?

# વચન આપેલાનું જીવન

જ્યારે ઇસુ 30 વર્ષના થયા ત્યારે તેઓ જાણતા હતા કે આ જગતમાં પુન:સ્થાપન કરવાનો સમય આવી ગયો છે. તેઓ ગામે ગામ ફરીને લોકોને જણાવતા હતા કે દેવનું રાજ્ય પાસે આવ્યું છે. લોકોએ જગતના રાજ્યોનો અંધકાર અને દૂ:ખોને જોયાં હતાં. હવે આ સમય હતો કે ઈશ્વરનું રાજ્ય ફરી આવે અને માનવજાતને માટે ઉધ્ધાર લાવે.



તે પરાક્રમ સહિત બોલતા હતા, તે અધિકારથી બોલતા હતા. તેમણે રોગીષ્ઠને સજા કર્યા.અંધ લોકોને દ્રષ્ટિ આપી. તેમણે લંગડાને ચાલતા કર્યા. દૂ:ખી મા-બાપોને તેમના મુએલા બાળકો પાછા મળ્યા. દુષ્ટાત્માઓથી પીડિત લોકો છુટકારો પામે અને સૌથી અગત્યની વાત, જેઑ પોતાના પાપના પસ્તાવાના આંસુ સહિત તેમની પાસે આવ્યા તેઓને ઇસુએ માફી આપી.

ઇસુએ તેઓને આશા અને નવું જીવન આપ્યું. ઈશ્વરના પ્રકાશે અંધકારને દૂર કરી દીધો હોય તેમ આખા દેશમાં આનંદ પ્રસરી ગયો. ઇશ્વરે ઇબ્રાહિમને જે વચનો આપ્યા હતાં તેમાં ઈશ્વર વિશ્વાસુ રહ્યા.

**ઈસુના જીવન વિષે આ વાર્તાઓ વાંચો અને આ બાબતો વિષે વિચારો**

- લુક 5:12-16માં બીમારીઓ પર ઈસુના અધિકાર વિષે વાંચો. આ વાર્તામાં તમે શું શીખો છો? શું તમે એવી કોઈ વ્યક્તિને જાણો છો જેને આ વાર્તા સાંભળવાની જરૂર છે?
- લુક 4:31-37 દુષ્ટાત્મઓ પર ઇસુના અધિકાર વિષે વાંચો. આ વાર્તામાં તમે શું શીખો છો?શું તમે એવી કોઈ વ્યક્તિને જાણો છો જેને આ વાર્તા સાંભળવાની જરૂર છે?
- લુક 5 : 17-26 માં માફ કરવાના ઈસુના અધિકાર વિષે વાંચો. શું તમે એવી કોઈ વ્યક્તિને જાણો છો જેને આ વાર્તા સાંભળવાની જરૂર છે?

# ઇસુનું મૃત્યુ

દરેક વ્યક્તિ ઇસુથી ખુશ ન હતી. મહાવિનાશ પછી હંમેશાં થતું આવી રહ્યું હતું



તેમ સત્તા આજે પણ ભષ્ટ લોકોના હાથમાં હતી. ઇસુ જે કરી રહ્યા હતા તે આ અધિકારીઓને પસંદ ન હતું. ઇસુ તેમના શાસન માટે જોખમરૂપ હતા. તેઓએ ઇસુને હેરાન કર્યા અને આખરે તેમની ધરપકડ કરી. તેમના પર મુકદ્દમો ચલાવ્યો અને તેમના ઉપર ખોટા આરોપો પણ મૂક્યા અને અંતે તેમને રોમન  વધસ્તંભે જડી દીધા.

**લુક 22: 54- 23: 56માં ઈસુના મૃત્યુ વિષે વાંચો અને આ બાબતો વિષે વિચારો**

- આગેવાનો ઇસુની વિરુધ્ધ શા માટે થઈ ગયા હતા?
- તમારા વિચાર પ્રમાણે ઇસુએ આ શા માટે કહ્યું, “ હે પિતા તેઓને ક્ષમા કર કેમકે તેઓ શું કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી એ જાણીને કે ઇસુએ પોતાની સાથે અન્યાય કરનારાઓને માફ કરી દીધા હતા તમને કેવું લાગે છે?
- જે દિવસે  ઇસુની સાથે બીજી વ્યક્તિ પણ મૃત્યુ પામી  હતી એ વ્યક્તિએ ઇસુને  દયા માટે પ્રાર્થના કરી અને ઇસુએ  તેને  કહ્યુ કે  આજે જ તું મારી સાથે સ્વર્ગલોકમાં હોઈશ.  આ વાત આપણને ઇસુ વિષે શું શીખવે છે?

# ઇસુનું સજીવન થવું

એવું લાગતું હતું કે અંતે તો અંધકારનો વિજય થયો છે. એવું લાગતું હતું કે જે અજવાળું જગતમાં આવ્યું હતું તેને અંધકારે હરાવી દીધું.... પરંતુ ત્રણ દિવસ પછી કઇંક બન્યું. ઈસુના મૃતદેહને સુગંધીઓ લગાડવા માટે સ્ત્રીઓ ગઇ, પણ જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે જોયું કે કબર તો ખાલી હતી. દૂતો તેમની



આગળ પ્રગટ થયા અને તેમને મોટા સમાચાર આપ્યા.“ઇસુ ખ્રિસ્ત સજીવન થયા છે.” ઇસુ મરણમાંથી સજીવન થયા અને હવે તેઓ અમર્ત્ય દેહ સાથે ઉઠ્યા કે જે ફરી કદી મરનાર નથી. અંધકાર ઇસુને હરાવી શક્યું નહીં તેના બદલે ઇસુએ અંધકાર પર વિજય મેળવી લીધો છે. વધસ્તંભ પર તેમનું મરણ તેમની હાર ન હતી તે તેમની જીત હતી કારણકે વધસ્તંભ પર તેમણે જગતના પાપોનો દંડ ચુકવ્યો હતો અને પુનરુત્થાન દ્વારા ઇસુએ નવી ઉત્પત્તિની શરૂઆત કરી અને જેમ તેમણે ઇબ્રાહિમને વચન આપ્યું હતું તેમ દરેક બાબતોને પુન:સ્થાપિત કરી.

**લુક 24: 1-43 માં ઈસુના સજીવન થવા વિષે વાંચો અને આ બાબતો વિષે વિચારો.**

- સજીવન થયા પછી ઇસુ સર્વ પ્રથમ કોને દેખાયા?
- સજીવન થયા પછી એમ્મોસ જતા બે પુરુષો સાથે વાત કરી રહ્યા હતા ત્યારે ઇસુ તેમને શું શીખવી રહ્યા હતા?
- તમારા વિચારો પ્રમાણે જ્યારે ઇસુએ પોતાના શિષ્યોને દર્શન દીધું તો તેમણે તેઓની સાથે ભોજન શા માટે કર્યું?
- સજીવન થયેલા ઇસુએ કહ્યું તમને શાંતિ થાઓ. શો તમે વિશ્વાસ કરો છો કે ઇસુ તમારા જીવનમાં શાંતિ લાવવા માગે છે?
- સજીવન થયેલા ઇસુ તથા તેમની શાંતિ વિષે બીજા કોને સાંભળવાની જરૂર છે?

# ઈસુનું મૃત્યુ અને ઈસુનું પુનરુત્થાનનું તમારા માટે, તમારા પરિવાર માટે અને તમારા દેશ માટે શું મહ્ત્વ છે?

## ઈસુનું મૃત્યુ

ઈશ્વરનાં પવિત્ર વચનો આપણને શીખવે છે કે ઈસુનું મૃત્યુ એ કોઈ અકસ્માત ન હ્તો અથવા કોઈ દુર્ઘટના નહોતી. આ આપણને શીખવે છે કે તેમનું મૃત્યુ એ તો ઈશ્વરની યોજના હ્તી આપણા પાપો માટે બલિદાન આપવા દ્વારા આપણે પાપોની માફી મેળવી શકીએ એ માટે ઈશ્વરની એ યોજના હ્તી

ઈશ્વરના વચનમાંથી આ બે વચનો વાંચો.

"કેમ કે સઘળાએ પાપ કર્યું છે અને ઈશ્વરના મહિમા વિષે સઘળા અધૂરા છે" (રોમનો 3:23)

“પાપનું વેતન એ મૃત્યુ છે, પરંતુ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંત જીવન છે.” (રોમનો 6:23)

ઈશ્વરનાં પવિત્ર વચનો આપણને શીખવે છે કે આપણ સઘળાએ પાપ કર્યું છે અને આપણાં પાપે ઈશ્વરથી આપણને અલગ કર્યા છે આપણે બધા ઈશ્વરથી વેગળા ચાલ્યા ગયા હ્તા. અને જગત પર મૃત્યુદંડ આવ્યો. ઈશ્વરનાં પવિત્ર વચનો આપણને એ પણ શીખવે છે કે ઈસુએ આપણા પાપોની ખંડણી ભરી, ઈસુએ આપણો દંડ ભર્યો જેથી આપણને તેમના દ્વારા પાપોની માફી તથા જીવન મળે

આ શાસ્ત્રભાગ વાંચો જેમાં ઇસુ આપણા બદલે મૃત્યુ પામશે તે વિશે જણાવ્યું છે

" કેમકે ખ્રિસ્તે પણ એક વેળા પાપોને સારું એટલે, ન્યાયીએ અન્યાયીઓને બદલે દુઃખ સહ્યું કે આપણને ઈશ્વરની પાસે પહોંચાડે " (1 પીતર 3:18)



ઈસુએ તમારા પાપો પોતાની જાત પર લીધાં અને મૃત્યુ.દ્વારા તેની કિંમત ચૂકવી તેમણે તમારા તથા તમારા કુટુંબના , તથા તમારા રાષ્ટ્ર, અને દુનિયાના પાપો પોતાના પર લીધાં અહીં તમારા માટે પણ એક પ્રશ્ન છે એ માટે વિચારો - જ્યારે તમે તે વાત ધ્યાનમાં લો છો કે ઈસુ જગત , તમારા પરિવાર અને તમારા પાપો માટે, મૃત્યુ પામ્યા ત્યારે આ વાત તમને કેવી લાગે છે?

**ઈસુનું સજીવન થવું**

જ્યારે ઈસુ મૃત્યુ પછીના ત્રીજા દિવસે પુનરુત્થાન પામ્યા તે દર્શાવે છે કે વધસ્થંભ પર તેમનું મૃત્યુ આપણા પાપોની કિંમત ચૂકવવા માટે અને આપણને ઈશ્વર પાસે પાછા લાવવા પૂરતું હતું. આપણા પાપ માટેની કિંમતની ચૂકવણી કરવામાં આવી હતી ! આપણને પાપ માફ કરી અને ઈશ્વરમાં પુનઃસ્થાપિત કર્યા! જ્યારે ઈસુ તેમના મૃત્યુ પછી ત્રીજા દિવસે પુનરુથાન પામ્યા તે આપણને દર્શાવે છે કે તે કોણ હતા તે પોતા વિશે જે કહેતા હતા તે સાચું કહેતા હતા - પ્રભુના વચનોમાં એક વચન આપવામાં આવ્યું જ હતું કે જગતના ઉદ્ધારક તરીકે જે આવશે તે વિશ્વના બધા લોકોનો ઉદ્ધાર કરશે અને તે વિશ્વના સાચા ઉદ્ધારક અને તારણહાર ઈશ્વર છે
વિશ્વના ઈશ્વર ! તે તમારા ઈશ્વર અને તારણહાર બનવા માંગે છે.

ઈશ્વરનું પવિત્રશાસ્ત્ર  આ ખાત્રીદાયક વચન આપે છે,

“જો તું તારે મોઢે   ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ અને ઈશ્વરે તેમને મૂએલામાંથી પાછા ઉઠાડ્યા, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ.  પ્રભુના નામે જે વિનંતી કરશે તે તારણ પામશે  (રોમનો 10: 9, 13).

શું તમે ઈસુને તમારા તારણહાર અને પ્રભુ તરીકે સ્વીકારવા માંગો છો? ઈસુ જીવંત છે. તે તમને પ્રેમ કરે છે

તેમણે  તમારા પાપો માટે પોતાનો જીવ આપી દીધો . તે પુનરુથાન પામ્યા છે અને તમારા જીવનને આશીર્વાદ આપવા માટે જીવે છે.  તે તમારી રાહ જોઈ રહ્યા  છે કે તમે નીચેની પાર્થના સાથે તેમને પૂછો



“પ્રિય પ્રભુ ઈસુ, આ જગતમાં આવવા બદલ તમારો આભાર દુનિયાના  લોકો પ્રત્યેના તમારા પ્રેમ માટે તમારો આભાર. તમે માંદાને સાજા કર્યા. તમે લોકોને અશુદ્ધ આત્માથી મુક્ત કર્યા. તમે મરેલાને જીવતા  કર્યા. તમે પાપી લોકો પ્રત્યે કરુણા દર્શાવી, પરંતુ સૌથી મહાન, બાબત તો  તમે મારા પાપોને માટે મરી ગયા. કૃપા કરીને મેં કરેલા બધાં પાપો માટે મને માફ કરો. પ્રભુ તમને મારુ જીવન જોઈએ છે. મારા તારણહાર અને પ્રભુ  બનવા માટે મારા જીવનમાં આવો . હું તમારી પાછળ આવવા માંગુ છું ( હું તમને અનુસરવા માંગુ છું ) અને બીજાઓને તમારા વિશે કહેવા માંગુ છું ! આમેન ! ”

# ઈસુના જીવતા થયા બાદ

મુએલામાંથી ઉઠ્યા બાદ ઇસુએ પોતાના શિષ્યોને એકઠા કરીને તેમના શરીરના ઘા બતાવ્યા જ્યાં તેમને વધસ્તંભ ઉપર ખીલા ઠોકવામાં આવ્યા હતા.



ઇસુએ તેમના શિષ્યોને સમજાવ્યું કે તેમની સાથે જે અન્યાય કરવામાં આવ્યો તે ઈશ્વરના પરાક્રમ દ્વારા જગતને માટે તારણ લાવનાર બન્યોછે.

વધસ્તંભ ઉપર મરણ પામીને તેમણે જગતના પાપોની કિમત ચૂકવી દીધી છે. માણસજાત પોતાના બળવાને લીધે ગુનેગાર અને દોષિત બની હતી. હવે  માણસજાતને માટે પાપોની માફી મળી શકે છે અને તેઓ પોતાના સર્જનહારની પાસે પાછા ફરી શકે છે.

હવે તેઓના પાપોને માટે કોઈ પશુના બલિદાનની જરૂર નથી, કારણકે ઇસુ ખ્રિસ્તે અંતિમ ઉપાય તરીકે પોતાનું બલિદાન આપી દીધું છે. હવે મરણ પછી શું થશે તેની બીક રાખવાની જરૂર નથી, કારણકે ઇસુએ સજીવન થઈને મરણને હરાવ્યું છે. જે ઇસુએ માંદાને સાજા કર્યા હતા અને પાપ કરનારને માફી આપી હતી તેમણે હવે દરેક દુશ્મનને હરાવ્યા છે અને દુનિયાના સાચા ઈશ્વર તરીકે કબરમાંથી બહાર આવ્યા છે.

ત્યારપછી ઇસુએ પોતાના શિષ્યોને કહ્યુ કે તેઓને તે એક મોટું કાર્ય સોંપવાના છે. તેમનું કાર્ય જગતને ઇસુએ જે કર્યું છે તે જણાવવાનું હતું અને લોકો, જગત,સમુદાય અને દેશોને માટે શાંતિ લાવવાનું હતું.

તેમનું કાર્ય એ હતું કે તેઓના પાપ માફ થઈ શકે છે અને ઇસુ ખ્રિસ્ત દ્વારા તેઓને નવું જીવન મળી શકે છે. મહાન આપત્તિકાળમાં તેઓએ જે ગુમાવ્યું છે તે હવે પુનઃસ્થાપિત થઈ શકે છે. ઇસુ ખ્રિસ્ત મારફતે સાચા ઈશ્વરને પ્રાપ્ત કરવાથી ઈશ્વર અને માણસ વચ્ચેનો અંધકાર દૂર થઈ



ગયો. માણસો પ્રેમથી એકબીજાની સેવા કરતાં શીખ્યા તેથી માણસ-માણસ વચ્ચેનો અંધકાર દૂર થઈ ગયો, કારણકે ઇસુએ તેમના શિષ્યોને તે શીખવ્યું હતું. ઈસુનો આત્મા શુધ્ધતા, સાજાપણું અને નવીનીકરણમાં લોકોના જીવનમાં આવ્યો તેથી દરેક વ્યક્તિના જીવનનો અંધકાર પણ દૂર થતો ગયો. ઇસુ ખ્રિસ્ત એક દિવસ ફરી પાછા આવશે અને જગતને સુંદરતા, શાંતિ અને આનંદનું સ્થળ બનાવશે,ત્યારે સર્જનમાં રહેલો શાપ પણ દૂર થઈ જશે.

હવે ઈસુ તમારા માટે શું ઈચ્છે છે ?

ઈસુ ઈચ્છે છે કે તમે વૃદ્ધિ પામો અને તેમના સશક્ત અને પરિપક્વ અનુયાયી બનો. જયારે તમે ઈસુને તમારા જીવનમાં આવવાનું જણાવ્યુ ત્યારે તે આવ્યા અને હવે તે તમને તેમના આત્માથી ભરવા ઈચ્છે છે અને દરેક રીતે તમને બદલવા ઈચ્છે છે. ઈસુ સા થેના તમારા સંબંધને વિકસાવવા તમે આ પ્રમાણે કરી શકો છો.

૧. ઈસુના બીજા અનુયાયીથી તમે બાપ્તિસ્મા લો.

પાણીનું બાપ્તિસ્મા એ બાબતનું ચિન્હ છે કે તમે મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યા છો અને હવે ઈસુના અનુયાયી છો. બાપ્તિસ્મા એક વિશ્વાસમાં ઉઠાવેલું પગલું છે જે દ્વારા તમે એ જણાવો છો કે વધસ્તંભ પરનું તેમનું મૃત્યુ તમારા માટે હતું અને મરણમાંથી તેમનું જીવતા થવું તે તમને જીવન આપવા માટે હતું.ઇસુએ કહ્યું હતું કે ," જાઓ અને તેઓને મારા નામમાં,મારા પિતાના નામમાં અને પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપો"

૨. ઇસુને જણાવો કે તે તમને નવા વ્યક્તિ બનવા, તમને બદલવા અને અન્ય લોકોને સાક્ષી આપવા તેમના આત્માથી સંપૂર્ણ રીતે ભરે. ઈસુના એક અનુયાયી પાઉલે કહ્યું હતું કે, ઈશ્વરના આત્માથી ભરપૂર થાઓ અને એકબીજા સાથે દયાળુ શબ્દોથી વાત કરો. ઈશ્વરનો આભાર માનો અને અન્ય સાથે નમ્ર બનો.

૩. દરરોજ ઈશ્વરનાં વચનોમાંથી શીખો.

માથ્થી, માર્ક, લૂક અને યોહાનમાંથી ઈસુના જીવન વિષે શીખો.

પ્રેરિતોના કૃત્યોમાંથી ઈસુના પ્રથમના અનુયાયીઓ વિષે શીખો.

ઈસુના આગેવાનોએ ઈસુના અનુયાયીઓની સમસ્યાઓનો સામનો કરવા અને વિશ્વાસમાં વૃદ્ધિ પામવા જે પત્રો લખ્યા હતા તેમાંથી શીખો.

ઈસુ કેવી રીતે પ્રભુ છે અને હરેક સમસ્યાઓ પર વિજય મેળવશે અને પ્રક્ટીકરણના પુસ્તકમાં જણાવેલી સઘળી વાતોનું પુનઃસ્થાપન કરશે તે શીખો.

૪. દરરોજ દરેક બાબતો માટે ઈશ્વરને પ્રાર્થના કરો. ઈશ્વર તમને તેમના બાળક તરીકે પ્રેમ કરે છે. તે ઈચ્છે છે કે તમે તમારી દરેક ચિંતા, દરેક જરૂરિયાતો અને દરેક ઈચ્છાઓ તેમની પાસે લાવો.

કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો. અને દેવની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઇસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે. (ફિલિપી ૪:૬-૭).

૫. ઈસુના બીજા અનુયાયીઓ સાથે નિયમિત મળતા રહો. આપણી વૃધ્ધિ માટે, આપણા માટે પ્રાર્થના કરવા માટે, આપણું રક્ષણ કરવા માટે, આપણા માર્ગદર્શન માટે અને આપણને પ્રેમ કરવા માટે અન્ય વિશ્વાસીઓની જરૂર હોય છે.

અને પ્રેમ રાખવાને તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે માટે આપણે એકબીજાનો વિચાર કરીએ. જેમ કેટલાએક કરે છે તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મૂકીએ, પણ આપણે એકબીજાને આપીએ; અને જેમ જેમ તે દહાડો પાસે આવતો જુઓ તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો. હિબ્રુઓને પત્ર ૧૦:૨૪,૨૫

૬. બીજા લોકો માટે પ્રાર્થના કરો અને તેઓને તમારા અને ઈસુના સંબંધ વિષે જણાવો.ઇસુએ કહ્યું હતું કે,


“તેણે તેઓને કહ્યુકે, એમ લખેલું છે કે ખ્રિસ્તે દૃઃખ સહન કરવું, અને ત્રીજે દહાડે મુએલાંમાથી પાછા ઉઠવું જોઈએ, અને યરૂશાલેમથી માંડીને સઘળી પ્રજાઓને તેના નામમાં પસ્તાવો તથા પાપનિવારણ પ્રગટ કરાવાં જોઇએ. એ વાતના સાક્ષીઓ તમે છો.” લૂક ૨૪:૪૬-૪૮

# ઇસુ જગતના સાચા પ્રભુ અને તમારા પ્રભુ

ઇસુએ જીવતા થયા બાદ અને પોતાના શિષ્યોને એકઠા કર્યા બાદ મહાન કાર્ય સોંપ્યું કે દુનિયાને એ જણાવો કે કોઈપણ નવીન બની શકે અને ફરીથી સર્વ પુનઃસ્થાપિત થઈ શકે તે માટે ઈશ્વર આવી ગયા છે.



શિષ્યોને મહાન કાર્ય આપ્યા પછી તેઓ સ્વર્ગમાં પાછા ગયા અને આકાશ તથા પૃથ્વીના પ્રભુ તરીકે રાજ્યાસન પર બિરાજમાન છે અને અત્યારે જગતના સાચા પ્રભુ અને ઈશ્વર તરીકે તે પોતાના અનુયાયીઓને સશક્ત કરે છે અને દોરવણી આપે છે. જેથી તેઓ આ આનંદના સમાચારનો પ્રસાર કરે કે, માણસજાતના ઉધ્ધારક તરીકે, ઇસુ ગુમાવી દીધેલી દરેક બાબતોને ફરીથી સ્થાપિત કરનાર છે. અસંખ્ય લોકોએ આનંદ અને જીવન આપનાર આ સંદેશનો સ્વીકાર કર્યો છે અને તે પછી તેઓએ તેને બીજાઓ સુધી પહોંચાડ્યો છે.



૨૦૦૦ વર્ષો પસાર થઈ ગયા છે અને ઈશ્વરના ઉધ્ધારનો સંદેશ જગતમાં આજે પણ ફેલાઇ રહયો છે અને હવે તે  તમારી પાસે પણ આવી પહોંચ્યો છે.



તમે ભયમાંથી મુક્ત થઈ શકો છો. તમારા પાપોની માફી મળશે. તમારી નિરાશા જતી રહેશે.



આકાશ અને પૃથ્વીના પ્રભુ અને ઉદ્ધારક ઈસુના નામમાં તમારા સંઘર્ષનો અંત આવશે. નાઝરેથના ઇસુ, તે સંપૂર્ણ છે, તે  આપણા પાપોનું બલિદાન છે, તે મૃત્યુ ઉપર વિજયવંત થયેલા છે, તે આપણ સર્વના પ્રભુ છે.



આજે જ તમે તેમને તમારા  પ્રભુ તરીકે સ્વીકારો. આ જ સમયે પોકાર કરો અને તમારા પ્રભુ તરીકે તમને જાહેર કરો  અને બીજાઓને પણ આ આનંદના સમાચાર જણાવો.

સર્વ બાબતોના નવીનીકરણનો સુસમાચાર તમારા માટે

ડબલ્યુ જી એસ મિનિસ્ટ્રી

પી ઑ બોક્સ ૯૦૦૪૭

સેન એંટોનિયા, ટી એક્સ ૭૮૨૦૯, યુએસએ

દ્વારા રજૂ કરવામાં આવે છે.

૧-૨૧૦.૭૧૭, ૬૬૧૭

Info@WGSministries.org

www.WGSministries.org

સર્વ બાબતોનું  નવીનીકરણ આ સાઇટ પર જુઓ

www.WGSministries.org/renewal-video